**ક્રિમીનલ કેસ નંબરઃ– ૧૭૦૮/૨૦૧૫**

**– એ.પી.પી.શ્રીની અરજી આંકઃ–૦૧ લગત હુકમ –**

વિદ્વાન એ.પી.પી.શ્રીની અરજી વંચાણે લીધી તેમાં જણાવેલ હકીકતો વંચાણે લીધી તથા મે. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદનો તારીખઃ–૦૭/૧૨/૨૦૧૮ નો પત્ર હુકમ નં.ડીસી/સીટીઝેડ/મેટ્રો.કોર્ટ/લોકઅદાલત/ડોરમેટકેસ પરત ૧/૨૦૧૮ થી આવેલ પત્રને વંચાણે લીધે. સદર પત્રથી જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદે આ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપેલ છે. આ કેસ ડોરમેટ કેસ છે અને ઘણા લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતો નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શક્યતા પણ જણાતી નથી અને તેના કારણે કેસ વધુ કાર્યવાહી થયા સિવાય પેન્ડીંગ રહેલ છે. વધુમાં, આરોપીને શોધવા પ્રયાસ કરવામાં સમય, શક્તિ અને નાણાંનો વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુન્હાના કેસમાં પુરતુ ધ્યાન આપી ગંભીર ગુન્હાના કેસો કાળજીપુર્વક ચલાવી શકે તે માટે અને અદાલતમાં પેન્ડીંગ ફોજદારી કેસોનું ભારણ ઓછું થાય તે માટે જાહેર હિતમાં તથા ન્યાયના હિતમાં વિદ્વાન એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી આ કેસ વિડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવો યોગ્ય તથા ન્યાયના હિતમાં જણાય છે. આથી નીચે મુજબનો હુકમ કરૂં છું.

**– હુકમ –**

આથી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૧ અન્વયે વિદ્વાન એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી આ કેસ વિડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે અને આરોપીને આ કેસમાં જણાવેલ ગુન્હા માંથી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

(૧) મુદ્દામાલ દેશી/વિદેશી દારૂનો અપીલ સમય પછી નાશ કરવો.
(૨) મુદ્દામાલ રોકડ રકમ જપ્ત કરી, અપીલ સમય પછી સરકારશ્રી ખાતે જમા કરાવવી.
(૩) પોલીસે કબજે કરેલ મુદ્દામાલ વાહન જો અગાઉ કરી, વચગાળાના સમય માટે કોઇ વ્યક્તિને સોંપવામાં આવેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને જો આવો કોઇ હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ વાહન તેના રજીસ્ટર્ડ ઓનરને આર.સી.બુકની નકલ રજુ કર્યેથી, ઓળખની ખાત્રી કરી પરત આપવું.
(૪) બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય પછી નાશ કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ– ૦૮/૧૨/૨૦૧૮
મુકામઃ– અમદાવાદ

(એચ.એન. દેસાઇ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી
કોર્ટ નં.૧૪, અમદાવાદ